# ગઝલ

## –નીનાદ અધ્યારુ

### .1.

ફોનમાં ગુજરાતી વંચાતું નથી,
એને શું કહેવું એ સમજાતું નથી !

આપણે બીજાને બોલી નાખીએ,
આપણાથી એ જ સંભળાતું નથી.

એમ ના પુછો કે શું-શું થાય છે,
એમ તો પુછો કે શું થાતું નથી ?

પથ્થરો બોલો તો ઠોકી મારીએ,
આપણાથી ફુલ ફેંકાતું નથી !

જીન્દગીને કેમ જીવવી જોઈએ ?
એ પરીક્ષામાં તો પુછાતું નથી !

ગામ આખા કાજ તાળી પાડીએ,
આપણું આણું જ પથરાતું નથી !

આપણું જે ખુબ ગમતું નામ હો,
નામ કમબખ્ત એ જ બોલાતું નથી.

આપણે રુપીયા તો ખર્ચી નાખીએ,
આપણું હોવું જ ખર્ચાતું નથી !

રાખીએ અંતર, બધું એથી થતું,
સ્પર્શવાથી કાંઈ અભડાતું નથી.

થાય તો એ પણ કરી જોતે 'નીનાદ',
પણ ગઝલ સાથે તો પરણાતું નથી !

## .2.

જે ધારો એ કરાતું હોય તો ?
બધું ગજવે ભરાતું હોય તો ?

ગમે એ યાદ હંમેશાં રહે,
ન ગમતું વીસરાતું હોય તો ?

ડરે છે માનવીથી માનવી,
પ્રભુથી પણ ડરાતું હોય તો ?

ગમે ના જો કશું બાહર કદી,
ભીતરમાં હીજરાતું હોય તો ?

આ ગુમડું જેમ ખોતરીએ છીએ,
જીવન પણ ખોતરાતું હોય તો ?

જરા શી ફુંક હળવે મારીએ,
ને વાદળ વીખરાતું હોય તો ?

સુરજની જેમ પણ ઉગી શકો,
ફુલો માફક ખરાતું હોય તો ?

અહીંથી સ્વર્ગની સીડી ચડી,
ને વળતા ઉતરાતું હોય તો ?

લઈને રંગ આ ફુલો તણા,
પવનથી ચીતરાતું હોય તો ?

જીવ્યાં પહેલાં જીવી શકીએ 'નીનાદ',
મર્યાં પહેલાં મરાતું હોય તો ?

## .3.

સ્કેચ જ્યારે પણ અરીસો લાગશે,
માણસોયે પણ મશીનો લાગશે.

કેમ સરવાળા કરી શકશો તમે ?
થાક જો તમને વદ્દીનો લાગશે !

લોટરી એણે કદી લીધી નથી,
લાગશે ત્યારે જમીનો લાગશે.

ફુલ જેવી હોય જો તારી નજર,
આંખ પણ એની બગીચો લાગશે.

કોક દી' મારા વગર તો રહી જુઓ,
એક દીવસ પણ મહીનો લાગશે !

જાત શણગારી પ્રીયે ! સુઓ નહીં,
ક્યાંક રાણીનો હજીરો લાગશે.

લાગશે ગાલીબ કદી 'નીનાદ' તો,
કોઈ વેળા એ 'કવીડો' લાગશે !

## .4.

તમારી નજરનાં કસુંબામાં રહીએ,
પછી રાતભર શું અજંપામાં રહીએ !

અમસ્તું અમસ્તું અમસ્તામાં રહીએ,
મળે મંઝીલો તોય રસ્તામાં રહીએ !

અમે દુર જઈએ તમારાથી તોયે,
અમે તો તમારા જ નકશામાં રહીએ.

અમારું જો ચાલે તો સુડો બનીને,
તમે કસ દીધેલા આ કમખામાં રહીએ.

તમે નીકળો તો અટારીમાં ઝુલીએ,
તમે નીકળો તો વરંડામાં રહીએ !

તમે કાયમી એ.સી.માં રહેવાવાળા,
અમે પાંખ ઉપરના આ પંખામાં રહીએ.

હો પડખે તમારા સમું આવું કશ્મીર,
અમે શું લેવા છેક લંકામાં રહીએ ?

ગઝલને ધરમ માની લીધાં પછી શું ?
'નીનાદ' કાશી રહીએ કે મક્કામાં રહીએ !

## .5.

મનમાં જ્યારે કળતર થાશે,
ત્યારે સાચું ભણતર થાશે !

હોઠ બોલાવે પણ જાણું છું,
ગાલ તમારા બખ્તર થાશે !

આવો, મારા દીલમાં આવો,
થોડી-ઝાઝી હરફર થાશે !

આછી-આછી યાદ આવે છે,
ઘાટા-ઘાટા અક્ષર થાશે !

માણસ તો માણસ થઈ જાશે,
ઈશ્વર ક્યારે ઈશ્વર થાશે ?

ઘર જેવું ક્યાં છે જ અહીં કંઈ !
ઘર વીના શું ઘર-ઘર થાશે ?

પ્રેમમાં ન્હોતું જાણ્યું 'નીનાદ',
એક અળસીયું અજગર થાશે !

## .6.

તારી ગલીમાં એટલે હું આવતો નથી,
ખખડી ગયેલાં દ્વાર હું ખખડાવતો નથી.

સમજી જવું જો હોય તો સમજી જજો તમે,
બીજી વખત હું કોઈને સમજાવતો નથી.

ભુલો તો સૌ કોઈ કરે ને મેંય પણ કરી,
હું ભુલને થુંકી દઉં છું, ચાવતો નથી.

એને વખાણો પણ હકીકત યાદ રાખજો,
ભમરો કદીયે બાગને મહેકાવતો નથી.

ઘસવી પડે છે જાતને બુરા સમયથી રોજ,
સારો સમય કંઈ આપમેળે આવતો નથી.

લાગી રહી છે કેમ આ દુનીયા મને સરસ ?
મીત્રો ! જરા જુઓ મને કે તાવ તો નથી !

વાતો બીજાની એમ તો હું પણ કરું ‘નીનાદ’,
પણ વાતને આવી રીતે સળગાવતો નથી.

## .7.

અટકીને અટકાવી દીધું,
મેં મનને લટકાવી દીધું !

તુટેલાંને તોડી નાખ્યું,
સાંધેલું સંધાવી દીધું !

એનું દીલ એની ચીઠ્ઠીમાં-
ખાતે મેં ઉધરાવી દીધું !

આંસુ-આંસુ રમતાં-રમતાં,
જળને જળ પધરાવી દીધું.

એની આંખો છે કે બાકસ ?
દીલ આખું સળગાવી દીધું !

મારી સાથે નહીં બોલીને,
તેં કેટ્લું સંભળાવી દીધું !

'નીનાદ' મારો રામ ઉગાડે,
મેં તો ખેતર વાવી દીધું !

## .8.

જાતની ભીતર આંટો મારી,
પાછો આવ્યો લાફો મારી !

એણે દીવસ માંગી લીધા,
મેં કીધું કે રાતો મારી !

એણે લીપ્સ્ટીક લાલ કરી તો,
પાન મેં ખાધું કાથો મારી !

જીવતરનો તું અક્ષો ના કર,
માંડ જીવું છું સાંધો મારી.

દીલ થઈ જાશે ગાર્ડન..ગાર્ડન,
એક ગઝલ તો વાંચો મારી !

મારા પ્રત્યે પ્રેમ નથી તો,
કેમ કરે છે વાતો મારી ?

બોલ, હવે તો રાજી છો ને ?
ખેંચી લીધી યાદો મારી !

સંધ્યા એના ગાલે ખીલશે,
નીકળ્યાં છે એ ચાંલ્લો મારી.

સરખાં ભાગ જો કરતા ફાવે,
દીલ લઈ જાજો કાપો મારી.

'નીનાદ' આવું ક્યાંથી લખતા ?
લખતા હૈશે ગાંજો મારી.

## .9.

અમથી-અમથી ફાળ પડે છે,
વીચારું ત્યાં ડાળ પડે છે !

વીક્રમ જેવું જીવું કીન્તુ,
ખભ્ભે રોજ વેતાળ પડે છે !

આંખો સામે જોયા ના કર,
આંખો બહુ ખર્ચાળ પડે છે !

ત્યાં પણ ઘોડાપુર જોયાં જ્યાં-
પાણી પહેલાં પાળ પડે છે.

એણે ના પાડી તો શું છે ?
દીલના ક્યાં દુકાળ પડે છે !

ખોટું બોલો, સરઘસ કાઢે,
સાચું બોલો, ગાળ પડે છે !

પ્રેમ કરો તો જાણો, સાહેબ,
દીલમાં કેવી જાળ પડે છે !

મુઠ્ઠીભર સુખ માંડ છુપાવું,
ત્યાં દુનીયાની લાળ પડે છે.

પ્રેમમાં સૌ કોઈ પડતું કીન્તુ,
સૌ પહેલાં શરમાળ પડે છે !

'નીનાદ' મારી વ્હાલી જગ્યા :
એની જ્યાં પરસાળ પડે છે !

## .10.

ચાંપ દબાવો, પાણી આવે,
ત્યારે ઘરમાં રાણી આવે !

એ રીતે એ આવી ઉભાં,
જેમ જુની ઉઘરાણી આવે !

લાખ હલેસાં સોનાનાં દે,
હોડી અંતે કાણી આવે !

અમને જોઈ લોકો બોલે :
'ગઝલોનો બંધાણી આવે !'

વાણી જેવું આવે વર્તન,
વર્તન જેવી વાણી આવે.

સુરજ થોડો શેકી લઉં તો-
ઘરમાં થોડી ધાણી આવે.

દીલની ડંકી સીંચો ત્યારે,
આંખોમાં સરવાણી આવે !

ઈચ્છાનું તો એવું છે કે,
બળદે-બળદે ઘાણી આવે !

'નીનાદ' એમ આવે છે ગઝલો,
દોડીને જેમ ભાણી આવે !

## .11.

નથી તું તો તારી અસર ક્યાંથી લાવું ?
તને તો હું, તારા વગર ક્યાંથી લાવું ?

એ બારી, ઝરુખો, એ આવન, એ જાવન,
એ તારી ગલી, એ શહર ક્યાંથી લાવું ?

એ મહેંદીની ખુશ્બુ, એ હોઠોની લાલી,
એ આંખો, એ કાતીલ નજર ક્યાંથી લાવું ?

એ વાતો ને વાતોમાં હસવું ને રડવું,
શરારત, શરમની સફર ક્યાંથી લાવું ?

હવાઓય રસ્તો બદલતી રહી છે,
હું લાવું તો તારા ખબર ક્યાંથી લાવું ?

'નીનાદ' એના એક જ ઈશારે લખાતી,
ગઝલ ક્યાંથી લાવું ? બહર ક્યાંથી લાવું ?

**નીનાદ અધ્યારુ**


સર્જક–સમ્પર્ક :

**નીનાદ અધ્યારુ,**

એસબીઆઈ લાઈફ, ત્રીજે માળે, વસુંધરા કૉમ્પ્લેક્સ, દક્ષીણામુર્તી સ્કુલ સામે, વાઘાવાડી રોડ, ભાવનગર–364 001 ઈ.મેઈલ : ninad_adhyaru@yahoo.com

મોબાઈલ/વૉટ્સએપ : +91 98256 90670

Facebook : https://www.facebook.com/ninad.adhyaru


@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : બારમું – અંક : 355 – 21 August, 2016

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@

## :વીશેષાનન્દ:

અમને જણાવતાં બહુ જ ખુશી થાય છે કે રતીલાલ ચંદરયાના લાડકા સન્તાન જેવો અને ડીજીટલ યુગમાં ગુજરાતી ભાષાને એક આગવી ઓળખ પ્રસ્થાપીત કરી આપનાર, ગુજરાતી ભાષા અને ગુજરાતીઓને મળેલો આ ઈ.શબ્દસંગ્રહ 'લેક્સીકોન', આજે **ચાર કરોડ** કરતાં વધુ મુલાકાત મેળવી ચુક્યો છે..

બનવા જોગ છે કે ગુજરાતી, હીન્દી, મરાઠી ભાષાઓના શબ્દાર્થ શોધકોને એ ભારે ઉપયોગી જણાયો હોય. હજી પણ એને વધુ સમૃદ્ધ અને લોકોપયોગી બનાવવાના અમારા પ્રયાસ જારી છે..

હૃદયસ્થ રતીકાકાનાં સન્તાનોનો તેમાં સબળ સહકાર મળી રહ્યો છે તે કહેતાં અમે ગૌરવ અનુભવીએ છીએ..

&&&

More than 3,25,83,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 62,90,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,64,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 3,58,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@